(GOVERNMENT OF GUJARAT)
**GOVERNMENT ENGINEERING COLLEGE**
Sector –28, Gandhinagar-382028
**સરકારી ઈજનેરી કોલેજ**, સેક્ટર-૨૮, ગાંધીનગર-૩૮૨૦૨૮
Tel: (079) 23215167; Fax: (079)23215965
Email: principal_gecp@yahoo.co.in Website: www.gecg28.ac.in

**Date: 3/1/2018.**

# ટેન્ડરની મુખ્ય વિગતો

અત્રેની સંસ્થા ખાતે આવેલ સ્ટુડન્ટ સ્ટોર ચલાવવાનો કોન્ટ્રાક્ટ આપવાનો થતો હોઈ આ અંગેના કોરા ટેન્ડર ફોર્મ રૂપીયા ૫૦૦/- રોકડામાં (રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન સવારે ૧૧-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક) અત્રેની કચેરી ખાતે જમા કરાવ્યે સંસ્થાના વર્કશોપ બિલ્ડીંગમાં આવેલ સ્ટોર વિભાગ ખાતેથી મળશે.

| | | |
|---|---|---|
| ૧ | કામનું નામ | સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ સ્ટોર (સ્ટેશનરી) ચલાવવાનો કોંન્ટ્રાક્ટ આપવા બાબત |
| ૨ | કોંટ્રાક્ટનો સમયગાળો. | ૧૧ મહિના |
| ૩ | જામીન અનામત(સીક્યોરીટી ડિપોઝીટ) | **રૂ. ૫૦,૦૦૦/- ( અંકે રૂપિયા પચાસ હજાર પુરા )** |
| ૪ | સંસ્થા ખાતેથી ટેન્ડર ફોર્મ મેળવવાનો સમયગાળો. | **તા.૮/૧/૨૦૧૮ થી ૨૩/૦૧/૨૦૧૮** સવારે ૧૧:૦૦ થી સાંજે ૫:૦૦ કલાક સુધી. (ચાલુ કામકાજના દિવસો દરમિયાન) |
| ૫ | પ્રી- બિડ મીટીંગ. | **તા: ૧૦/૦૧/૨૦૧૮ સાંજે ૪: ૦૦** કલાકે સ્ટોર વિભાગ, એડમીન બિલ્ડીંગ, સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર ખાતે |
| ૬ | ભાવપત્રક રજી. પો.એ.ડી/સ્પીડપોસ્ટ એ.ડી.થી અથવા રુબરુમાં પરત સ્વીકારવાની છેલ્લી તારીખ: | **તા. : ૨૫/૦૧/૨૦૧૮** |
| ૭ | પુર્વલાયકાત પત્રક ખોલવાની તારીખ: | **તા. : ૩૦/૦૧/૨૦૧૮** |
| ૮ | ભાવપત્રક ખોલવાની તારીખ, સમય, અને સ્થળ | **તા. : ૩૧/૦૧/૨૦૧૮, સવારે ૧૧ કંલાકે** એડમીન બિલ્ડીંગ, સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર ખાતે |

## ટેન્ડર ભરનારે ધ્યાનમાં રાખવા જેવી બાબતો.

| | |
|---|---|
| ૧) | સ્ટુડન્ટ સ્ટોરમાં ઠેકેદારે વેચવાની વસ્તુઓનું પત્રક ભાવ સાથે આપવામાં આવ્યું છે જે ઠેકેદાર ને ફરજીયાત લાગુ રહેશે . |
| ૨) | અરજી કરનાર વ્યક્તિ / પેઢી ને **સ્ટેશનરી ના વ્યવસાય નો ઓછામાં ઓછો એક વર્ષ નો અનુભવ હોવો ફરજીયાત છે જે માટે યોગ્ય પ્રમાણપત્ર પુર્વ લાયકાત ફોર્મ સાથે રજુ કરવાનું રહેશે.** |
| ૩) | આવેલ ટેન્ડર પૈકી કોઈ એક અથવા બધા ટેન્ડર કોઈપણ જાતનાં કારણ આપ્યા વિના રદ્દ કરવાની અબાધિત સત્તા સમિતિને રહેશે. |
| ૪) | કોઈપણ પ્રકારનું શરતી ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. |
| ૫) | આવેલ ટેન્ડર પૈકી ક્યું સ્વીકારવુ અને તેનો કોંટ્રાક્ટ કોને આપવો તે બાબતમાં વ્યવસ્થા સમિતિની બેઠકમાં જે નિર્ણય લેવાય તે નિર્ણય દરેકને આખરી અને બંધનકર્તા રહેશે. |
| ૬) | આ સાથે સ્ટુડન્ટ સ્ટોર ચલાવવા માટેની શરતો આપવામાં આવી છે. ભાવ ભરનારે તેનો અભ્યાસ કરી તેનું પાલન કરવાનું રહેશે. ભાવ ભરનાર ઠેકેદારે ટેન્ડર પત્રકના દરેક પાના પર સહી સિક્કા કરવાનાં રહેશે. |
| ૭) | જે ભાવ ભરનારનું ટેન્ડર સ્વીકારવામાં આવશે તેમને સ્વીકાર્યા બાબતની જાણ કરતા પત્રની તારીખથી સાત (૦૭ ) દિવસ માં નીચે જણાવેલ રકમ રૂ. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ની જામીન અનામત તરીકે "Principal , Government Engineering College, Gandhinagar " ના નામની ગાંધીનગર ખાતે શાખા ધરાવતી રાષ્ટ્રીયકૃત બેંકની બાર માસ મુદત માટેની એફ.ડી. જમા કરાવવાનો રહેશે. નિયત અનામત ની રકમ ન ભરનાર ઠેકેદારનો ઓર્ડર રદ કરવામાં આવશે તથા નિયમોનુસાર ની કાર્યવાહી કરવામાં આવશે. |
| ૮) | ઠેકેદારે લાગુ પડતા તમામ સરકારી નિયમોનું પાલન કરવાનું રહેશે . |

## ટેન્ડર ફોર્મ

### સ્ટુડન્ટ સ્ટોર (સ્ટેશનરી) માટે

### સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગર- ૩૮૨૦૨૮

### સ્ટુડન્ટ સ્ટોર (સ્ટેશનરી) કોન્ટ્રાકટ માટે નું પુર્વ લાયકાત ફોર્મ

| | | |
|---|---|---|
| (૧) | અરજદાર એજન્સીનું નામ | |
| (૨) | અરજદાર એજન્સીનું સરનામું<br>(ફોન નં. તથા પુરાવા સહિત) | |
| (૩) | માલિક/ ભાગીદારોના નામ તથા સરનામુ*<br>ફોટા (ફુલ મુખત્યાર) | |
| (૪) | ટેલીફોન નંબર એજન્સી/માલિક/ભાગીદાર<br>ફેક્ષ નંબર અને ઈ-મેઈલ નંબર | |
| (૫) | વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર | |
| (૬) | ગુડ્સ & સર્વીસ ટેક્ષ રજીસ્ટ્રેશન નંબર | |
| (૭) | આવકવેરા હેઠળ નોંધાયેલ PAN નંબર | |
| (૮) | છેલ્લા પાંચ વર્ષ પૈકી કોઇપણ એક વર્ષનુ એન્યુઅલ એકાઉન્ટ, પ્રોફીટ લોસ એકાઉન્ટ, બેલેન્સ શીટનું ચાર્ટેડ એકાઉટન્ટનું સર્ટીફિકેટ | |
| (૯) | પૂર્વ ઈતિહાસ સ્વસ્છ છે, નાણાકીય સંસ્થાના ડિફોલ્ટર નથી અને પોલીસ-કોર્ટ રેકોર્ડ પર કેસ નથી તેનું બાંહેધરીપત્ર (હાલનુ) | |
| (૧૦) | અરજદારે પરિશિષ્ટ-૧ માં દર્શાવ્યા મુજબની વસ્તુઓ વેંચવાની રહેશે. લાયકાત ફોર્મ સાથે અરજદારે પરિશિષ્ટ-૧ સહી કરી સામેલ કરવુ. | |
| (૧૧) | રુપિયા ૫૦૦૦/- નો અર્નેસ્ટ મની ડીપોઝીટનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી. “આચાર્યશ્રી, સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગર” ના નામનો. | |

(૧૨) સચોટ અનુભવની વિગત :

| ક્રમ | સંસ્થાનું નામ | કરારનો સમયગાળો | કરાર મળ્યાના પુરાવાની વિગત |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |

(૧૩) સ્ટુડન્ટ સ્ટોર (સ્ટેશનરી) ચલાવવા માટેની શરતો વાંચી સમજીને સ્વીકારી શરતવાળુ ફોર્મ સહી કરી સામેલ કરવું.

સ્થળ: ટેન્ડર ભરનારની સહી:

તારીખ: ટેન્ડર ભરનાર એજન્સીનુ નામ:

સિક્કો (સીલ )

# <u>વિગતો</u>

- કવર-૧, પુર્વ લાયકાત ફોર્મ, શરતોનું ફોર્મ, પરિશિષ્ટ-૧, રુપિયા ૧૦,૦૦૦/- નો અર્નેસ્ટ મની ડીપોઝીટનો રાષ્ટ્રીયકૃત બેંકનો ડી.ડી., બાંહેધરીપત્રક, જરુરી લાયસન્સ તથા જરુરી પ્રમાણપત્રોની ખરી નકલ (કવર-૧ ને પુર્વલાયકાત ફોર્મ નામ આપવું.)
- કવર-૨, ભાવપત્રક (કવર-૨ ને ભાવપત્રક નામ આપવું)
- કવર-૩, જેમાં કવર-૧ અને કવર-૨ બંનેને સાથે કવર-૩ માં મુકવા (કવર-૩ ને સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગર સ્ટુડન્ટ સ્ટોર (સ્ટેશનરી) કોન્ટ્રાકટ (૨૦૧૮)" અંગેનું ટેન્ડર તથા પાર્ટીનું નામ કવર પર દર્શાવવું.)

<u>**ખાસ નોંધ**</u> :-

- ઉક્ત વિગતોની ફોટો નકલ/સંદર્ભપત્ર/સક્ષમ સત્તાના પ્રમાણપત્ર/ જે તે સંસ્થાના અનુભવના પ્રમાણપત્રો/સંતોષપત્રો અચૂક રજૂ કરવા. જે વિના ટેન્ડર વિચારણામા લેવાશે નહીં. પાર્ટીને સ્ટેશનરી નાં વેચાણ માટેનો ઓછામાં ઓછો એક વર્ષ નો અનુભવ હોવો ફરજીયાત છે.
- ઉક્ત વિગતો જેના નામે ટેન્ડર ભરવામાં આવ્યું હોય તે નામની જ રજૂં કરવાની રહેશે.
- ટેન્ડરમાં જે પુરાવા/દસ્તાવેજોની નકલોનો ઉલ્લેખ કરેલ છે તે તમામ દસ્તાવેજોની મુળ નકલ ટેન્ડર ખોલતી વખતે ચકાસણીના હેતુસર રજુ કરવાની રેહશે.
- અન્ય કોઇપણ પ્રકારની વધારાના વિગતો દર્શાવવા વધારાના પત્રક સામેલ કરવા.
- ટેન્ડર ફોર્મ નાં પ્રત્યેક પાના પર સહી, તથા સીલ લગાવવા તથા અરજી તથા બાંહેધરી પત્ર માટે લેટરહેડ નો ઉપયોગ કરવો.

# પરિશિષ્ટ-૧

## સ્ટુડેન્ટ સ્ટોરમાં વેંચવાની વસ્તુઓની યાદી

| અનુ નં | કામગીરી | નિયત દર પ્રતિ નકલ(રૂ/-) તમામ પ્રકારના કરવેરા સહીત |
|---|---|---|
| ૧ | ઝેરોક્ષ (B & W) A4 ( એક બાજુ ) | 00.50 |
| ૨ | ઝેરોક્ષ (B & W) A3 ( એક બાજુ ) | 1.00 |
| 3 | પ્રિન્ટ (B & W) A4 | 1.00 |
| ૪ | પ્રિન્ટ (Color laser) A4 | 5.00 |
| ૫ | પ્રિન્ટ (કલર) A3 | 10.00 |
| ૬ | સ્પાયરલ બાઇન્ડીંગ ( ૧૦૦ પાના સુધી) | 20 |
| ૭ | સ્પાયરલ બાઇન્ડીંગ ( ૧૦૦ પાનાથી વધુ) | 25 |
| ૮ | સાદી ફાઈલ | 5 |
| ૯ | સ્પ્રીંગ ફાઈલ | 10 |
| ૧૦ | ડ્રોઇંગ સીટ સાઈઝ A2 સાદી / નેઈમ બ્લોક પ્રિન્ટેડ | 5 / 8 |
| ૧૧ | ફાઈલ પેજ ૭૦ GSM ભારે ક્વોલિટી | 45 |
| ૧૨ | ગ્રાફ પેજ ૭૦ GSM ભારે ક્વોલિટી | 45 |
| ૧૩ | કોલેજનું સર્ટીફિકેટ (B & W, A4 સાઈઝ ૭૦ GSM પેપર ) | 1 |
| ૧૪ | કોલેજની ઈન્ડેક્ષ (B & W, A4 સાઈઝ ૭૦ GSM પેપર ) | 1 |
| ૧૫ | બોલપેન,રિફિલ, પેન્સીલ,રબર તેમજ અન્ય સ્કેચ બુક , સ્ટેશનરી આઈટમો, ડ્રોઈંગ બોર્ડ (સારી ક્વોલીટીનુ), ઈલેક્ટ્રિકલ-ઇલેક્ટ્રોનીક્સ /મીકેનીકલ વર્કશૉપ ની જરુરી તમામ આઇટ્મો, | બજાર ભાવ મુજબ |

- ઉપર જણાવ્યા મુજબની તમામ વસ્તુઓ ઉપર દર્શાવેલ ભાવ પ્રમાણે તથા અન્ય તમામ વસ્તુ ઓ એમ.આર.પી. ભાવથી અથવા મળવાપાત્ર મહતમ ડિસ્કાઉન્ટ ભાવ મુજબ આપવા બંધાઉ છું.

સ્થળઃ- અરજદાર એજન્સીનું નામ.......................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ..........................................

ટેન્ડર ભરનારની સહી..........................................

સિક્કો

# સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગર

## સ્ટુડન્ટ સ્ટોર (સ્ટેશનરી) ચલાવવા માટે શરતો

૧ સ્ટુડન્ટ સ્ટોર નો કોન્ટ્રાક્ટ રાખનારે સંસ્થાએ (કોલેજે) નક્કી કરેલ ભાવે સ્ટેશનરી વેચવાની અને ઝેરોક્ષ કરી આપવાની રહેશે.

૨ સ્ટોર દરરોજ સવારના ૧૦.૦૦ થી સાંજના ૬.૩૦ સુધી નિયમિત ખુલ્લો રાખવાનો રહેશે. તથા સ્ટુડન્ટ સ્ટોરમાં કારીગર કે કર્મચારીને રહેવાની સગવડ આપવામાં આવશે નહી. તથા ફાળવેલ જગ્યાનો રહેણાક તરિકે ઉપયોગ કરી શકાશે નહી. હાલ એમેનીટીઝ બ્લોક માં સ્ટોર ની જગા ફાળવેલ છે. સંસ્થાની જરૂરિયાત પ્રમાણે આ સ્ટોર્સ નું સ્થળ બદલી શકાશે. અવેજીમાં સમાન કાર્પેટ ક્ષેત્રફળ વાળી જગ્યા ફાળવવામાં આવશે.

૩ સ્ટોર સંસ્થાની પુર્વ મંજૂરી મેળવ્યા સિવાય બંધ રાખી શકાશે નહી

૪ જાહેર રજાના દિવસે સ્ટોર બંધ રાખવાનો રહેશે.

૫ સ્ટુડન્ટ સ્ટોર માટે જરુરી ટેબલ, ખુરશી ( ફર્નિચર ) વિગેરે ઠેકેદારે પોતે લાવવાના રહેશે

૬ સ્ટુડન્ટ સ્ટોરમાં સ્વચ્છતા અંગેની સમ્પૂર્ણ જવાબદારી ઠેકેદારની રહેશે.

૭ સ્ટુડન્ટ સ્ટોરમાં કોઈપણ પ્રકારના કેફી દ્રવ્ય કે પાન મસાલા, ગુટકા કે તમાકુની અન્ય કોઈપણ પ્રકારની બનાવટના વેચાણ અને ઉપયોગ ઉપર સમ્પૂર્ણ પ્રતિબંધ રહેશે.

૮ ઠેકેદારે સંસ્થાના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તથા તેમના કાર્ય દરમ્યાન થયેલ અકસ્માત નુકશાન ની જવાબદારી ઠેકેદારની રહેશે.

૯ સ્ટુડન્ટ સ્ટોરમાં કામ કરતા કર્મચારીઓની સમ્પૂર્ણ વિગત (નામ, કાયમી સરનામું, ફોન નંબર, ઉંમર નો પુરાવો, ફોટો અને સરકારી કાર્ડ) સંસ્થાને આપવાની જવાબદારી ઠેકેદાર ની રહેશે. અન્યથા તે કર્મચારીને સંસ્થામાં પ્રવેશ આપવામાં આવશે નહી.

૧૦ સ્ટુડન્ટ સ્ટોરમાં કામ કરતા કર્મચારીઓની સુરક્ષા ની સમ્પૂર્ણ જવાબદારી ઠેકેદાર ની રહેશે. સ્ટુડન્ટ સ્ટોરમાં કોઈપણ જાતના અકસ્માત માટે સંસ્થા ને જવાબદાર ગણી શકાશે નહિ.

૧૧ સ્ટુડન્ટ સ્ટોરનો સંસ્થાના સ્ટાફ તથા વિદ્યાર્થીઓ સાથેનો વ્યવહાર સોહાર્દપૂર્ણ અને ઉચિત રહે તેનુ ધ્યાન રાખવાનું રહેશે. તેમજ અભદ્ર ભષા નો ઉપયોગ ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

૧૨ સ્ટુડન્ટ સ્ટોરનો કોન્ટ્રાક્ટ મેળવનાર ઠેકેદારે સિક્યોરિટી ડિપોઝીટ **તરીકે** કોન્ટ્રાક્ટ મળ્યાની તારીખથી દિવસ-૧૦ માં રૂ.૫૦,૦૦૦/- **( અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) નો રાષ્ટ્રીયકૃત બેન્કની.** **""Principal , Government Engineering College, Gandhinagar "** ના નામની **૧૨ માસ મુદત ની એફ.ડી** અત્રેની સંસ્થામાં જમા કરાવવાના રહેશે. જે કોન્ટ્રાક્ટ પુરો થયે

કે રદ થયે બાકી રહેલ હિસાબ વ્યાજ વગર સરભર કરી પરત કરવામાં આવશે.

૧૩ સ્ટુડન્ટ સ્ટોર ખાતે વેચાણ કરવામાં આવતા ફાઈલ, પેજીસ, સર્ટિફિકેટ તથા અન્ય આઈટમ પર કોલેજનું નામ પ્રિન્ટ કરેલ હોવું જોઈએ.

૧૪ વિદ્યાર્થીઓની જરુરીયાત મુજબ પેન ડ્રાઈવ કે સી.ડી. દ્વારા પ્રિન્ટ કાઢી આપવાની રહેશે.

૧૫ દરેક આઈટમ નું મંજુર કરેલ ભાવ પત્રક લગાવવાનું રહેશે. આ ભાવ તમામ પ્રકારના કરવેરા સહીત નાં રહેશે જે અનુસંધાને લાગુ પડતા જી.એસ.ટી. સહિત નાં વેરા ભરવાની જવાબદારી ઠેકેદારની રહેશે.

૧૬ ઠેકેદાર દ્વારા કોન્ટ્રાક્ટના સમયગાળા દરમ્યાન અધવચ્ચેથી જો કોન્ટ્રાક્ટ બંધ કરવામાં આવશે તો તેમણે જમા કરાવેલ સિક્યોરિટી ડિપોઝીટ સંસ્થા તરફથી જપ્ત કરવામાં આવશે.

૧૭ સદર કોન્ટ્રાક્ટ ફક્ત ૧૧ (અગિયાર) માસ માટેનો જ રહેશે. ઈજારો રદ્દ કરવાનો અધિકાર સંસ્થાના વડાશ્રી પાસે આબાધિત રહેશે. ઠેકેદારની કામગીરી સંતોષકારક જણાતા વધારાના ૧૧ (અગિયાર) માસ માટે વધારી આપવાની સત્તા સંસ્થાના વડાશ્રીની રહેશે.

૧૮ કોન્ટ્રાક્ટના સમયગાળા દરમિયાન દર મહિનાના ભાડાની રકમ તથા વીજવપરાશ ની રકમ મહિનાની એક થી પાંચ તારીખ સુધારીમાં એડ્વાન્સમાં અત્રેની સંસ્થાની હિસાબી શાખામાં ભરવાની રહેશે.

૧૯ કોન્ટ્રાક્ટની બધીજ શરતો જે પેઢીને માન્ય હશે. અને ભાડા માટે વધુમાં વધુ ભાવ ભરનાર ઠેકેદાર ને પસંદગી આપવામાં આવશે. જે રકમ ટેન્ડર ફોર્મ માં દર્શાવવાની રહેશે.ઠેકેદાર ને વિજ વપરાશ ની રકમ ભાડા નાં ભરેલ ભાવ ઉપરાંત માં અલગથી ચુકવવાની રહેશે.

૨૦ સ્ટુડન્ટ સ્ટોરની અનિયમીતતાં, આઈટમની ગુણવત્તા અને કોઈ ન ચલાવી શકાય તેવી પ્રવુત્તિ કરવામાં આવશે તો કોન્ટ્રાક્ટ કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય રદ્દ કરવાનો કરવાનો અબાધિત અધિકાર સંસ્થાના વડાશ્રી પાસે રહેશે.

૨૧ સ્ટુડન્ટ સ્ટોરમાં ઉપ્લબ્ધ વસ્તુઓની ગુણવત્તા બાબતે સ્ટુડન્ટ સ્ટોર ઇન્ચાર્જ ઉપરાંત કમિટી (પાંચ વિદ્યાર્થીઓ તથા ત્રણ પ્રાધ્યાપકો) ગમે ત્યારે ચકાસણી કરી શકશે. જેમાં ખામી જણાતા પ્રથમ ત્રણ વખત અંકે રૂ. ૧૦૦૦/- નો દંડ કરવામાં આવશે. ત્યારબાદ કોન્ટ્રાક્ટ રદ કરી પાર્ટીને બ્લેક લીસ્ટમા મુકવામાં આવશે. દરેક બાબતમાં સંસ્થાના વડાશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

૨૨ સ્ટુડન્ટ સ્ટોરના પંખા, ટયુબલાઇટ, સ્વીચ તેમજ અન્ય વસ્તુઓ, બારી બારણા તથા કાચ વગેરે ટુટવાના કે ખરાબ થવાના કિસ્સામાં ઠેકેદારે બદલી અથવા રિપેર કરાવી આપવાના રહેશે.

૨૩ કોન્ટ્રાકટર ધ્વારા જો વચ્ચેથી કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે તો સીકયુરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૨૪ જે વ્યકતિ કે એજન્સીને સ્ટુડન્ટ સ્ટોરના ચલાવવા માટેનો કોન્ટ્રાકટ આપયેલ હોય તેણે જ સ્ટુડન્ટ સ્ટોરના ચલાવવાનો રહેશે. બીજી કોઇ વ્યકિતને સ્ટુડન્ટ સ્ટોર ભાડે કે પેટાભાડે ચલાવવા માટે આપી શકાશે નહીં. કોન્ટ્રાકટરે અન્ય કોઇને સ્ટુડન્ટ સ્ટોર ચલાવવા ભાડે કે પેટા ભાડે આપ્યાનું કમિટીની જાણમાં આવશે કે તુરંતજ કોન્ટ્રાકટર રદ કરી સીકયુરીટી ડીપોઝીટની રકમ પણ જપ્ત કરવામાં આવશે.

૨૫ સ્ટુડન્ટ સ્ટોરમાં બાળ મજૂરો રાખી શકાશે નહીં. સરકારશ્રી ના ધારા-ધોરણનો અમલ કરવાનો રહેશે. જો ભંગ કરવામાં આવશે તો કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.

૨૬ કોન્ટ્રાકટર મળ્યા બાદ કમિટીએ મંજુર કરેલ ભાવોના લીસ્ટનું બોર્ડ કોન્ટ્રાકટરે સ્વખર્ચે લગાડવાનું રહેશે.

૨૭ સ્ટુડન્ટ સ્ટોર માટે નુ કરારનામુ રૂ. ૧૦૦-૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર લખી આપવાનું રહેશે.

૨૮ કોન્ટ્રાકટ આપતી વખતે નકકી થયેલ વસ્તુઓ સિવાયની અન્ય વસ્તુઓ રાખવા કે કામ કરવા માટે આચાર્યશ્રીની મંજુરી લેવાની રહેશે.

૨૯ સ્ટુડન્ટ સ્ટોરમાં સફાઇની જવાબદારી ઠેકેદાર ની રહેશે..

૩૦ સ્ટોરની જગ્યાનો કોઈપણ પ્રકારે અન્ય અંગત કોમર્શીયલ કામગીરી માટે ઉપયોગ કરી શકાશે નહિ . કોઈ પણ વ્યક્તિ /પેઢી ની કોઈપણ પ્રકારની જાહેરાત માટે થઇ શકશે નહિ

૩૧ ઠેકેદારે લાગુ પડતા તમામ સરકારી નિયમોનું પાલન કરવાનું રહેશે .

૩૨ ડીજીટલ પેમેન્ટ સ્વીકારી શકાય તે માટેની વ્યવસ્થા ઉપલબ્ધ રાખવાની રહેશે .

૩૩ દરેક પ્રસંગે ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે. "Subject to Gandhinagar Jurisdiction"

આચાર્યશ્રી

સરકારી ઇજનેરી કોલેજ – ગાંધીનગર

ઉપરોકત તમામ શરતો મેં વાંચી છે, આ શરતો મને મંજુર છે.

સ્થળઃ- અરજદાર એજન્સીનું નામ......................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી..........................................

સિક્કો (સીલ )

**સાક્ષી નું નામ, સહી તથા સરનામું**

# <u>સ્ટુડન્ટ સ્ટોર ચલાવવા માટે સંસ્થા તરફથી મળવાપાત્ર સુવિધાનું પત્રક</u>

- સ્ટુડન્ટ સ્ટોર માટે સંસ્થાના એમિનિટિ બ્લોક ખાતે જગ્યા ફાળવવામા આવેલ છે.
- સ્ટુડન્ટ સ્ટોરના ઠેકેદાર તથા સ્ટુડન્ટ સ્ટોરના કામદારો માટે પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે.
- સ્ટુડન્ટ સ્ટોરમાં ઈલેક્ટ્રિક સપ્લાય સુવિધા ઉપલબ્ધ છે.
- એક ઇન્ટરનેટ નો પોઈન્ટ આપવામાં આવશે, જેનો વિધ્યાર્થીઓના કામકાજ માટેજ ઉપયોગ કરી શકાશે. કોઈપણ પ્રાઈવેટ કામકાજ માટે ઉપયોગ કરી શકાશે નહિ. જો કોઈ સંજોગોમાં ઈન્ટરનેટ બંધ રહે તો તે સમય દરમ્યાન પાર્ટી એ જરૂર મુજબ પોતાની રીતે સ્વખર્ચે ઇન્ટરનેટની વ્યવસ્થા કરવાની રહેશે .

# <u>સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગર- ૩૮૨૦૨૮</u>

## <u>સ્ટુડન્ટ સ્ટોર (સ્ટેશનરી) કોન્ટ્રાકટ માટે ભાવપત્રક ફોર્મ</u>

| ક્રમ | <u>સ્ટુડન્ટ સ્ટોર (સ્ટેશનરી)</u> ની વિગત | એજન્સી ધ્વારા સ્ટુડન્ટ સ્ટોર (સ્ટેશનરી) કોન્ટ્રાકટ માટે ઓફર કરવામાં આવતો ભાવ (રુપિયા પ્રતિમાસ) ( |
|---|---|---|
| ૧ | સરકારી ઇજનેરી કોલેજ, ગાંધીનગર | * |

નોંધ - * આ ભાવ સંસ્થા તરફથી સ્ટુડન્ટ સ્ટોર (સ્ટેશનરી) કોન્ટ્રાકટ માટે વાપરવા આપવામાં આવનાર જગ્યાના માસિક ભાડા પેટે **<u>રૂ.૧૪,૩00/-</u>** (અંકે રુપિયા ચૌદ હજાર ત્રણસો ) **<u>પ્રતિ માસ કરતા વધારે ભરવાનો રહેશે</u>**. પાત્રતા ધરાવનાર વધુમાં વધુ ભાડા માટેના ભાવ ભરનાર ને કોન્ટ્રાકટ આપવાનો રહેશે. લાઈટ બીલ અલગથી (ભાડા ઉપરાંતમાં ) ચુકવવાનું રહેશે .

સ્થળઃ- અરજદાર એજન્સીનું નામ......................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી...........................................

**સિક્કો (સીલ )**

[ આ પત્રક લેટરહેડ પર આપવું ]

# બાહેંધરી પત્રક

આથી બાહેંધરી આપવામાં આવે છે કે અમો કોઇ પણ નાણાકીય સંસ્થા/બેંક ના ડીફોલ્ટર નથી. તેમજ અમારા ઉપર કોઇ પોલીસ/કોર્ટ કેસ થયેલ નથી. જે બાબતની અમે ખાત્રી આપીએ છીએ.

સ્થળઃ- અરજદાર એજન્સીનું નામ......................................

તારીખઃ- ટેન્ડર ભરનારનું નામ...........................................

ટેન્ડર ભરનારની સહી...........................................

**સિક્કો (સીલ )**

**સાક્ષી ની સહી**

**સાક્ષી નું નામ તથા સરનામું**